**PARLE MAHOTSAV**

Organiser - **ADV. PARAG ALAVANI,** MLA, President - Vile Parle Cultural Centre
2, Amber Palace, Chittaranjan Road, Vile Parle (East), Mumbai 400 057.
Tel.: 26136513, 26177125 • Website : www.parlemahotsav.com

અખબારી યાદી

# સાંસદ રાવસાહેબ દાનવેને હસ્તે પાર્લે મહોત્સવનો શુભારંભ થશેઃ 35 સ્પર્ધામાં 50,000થી વધુ સ્પર્ધક

મુંબઈઃ સળંગ અઢારમા વર્ષમાં યોજાઈ રહેલા પાર્લે મહોત્સવનો 22 ડિસેમ્બરથી આરંભ થતો હોઈ ભાજપના પ્રદેશાધ્યક્ષ સાંસદ રાવસાહેબ દાનવે પાટીલને હસ્તે તેનું ઉદઘાટન થશે. ભાજપ યુવા મોરચાનાં રાષ્ટ્રીય અધ્યક્ષા અને સાંસદ પૂનમ મહાજન મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે, એમ પાર્લે મહોત્સવના મુખ્ય આયોજક વિધાનસભ્ય એડ. પરાગ અળવણીએ જણાવ્યું હતું.

આ વખતે 18મા પાર્લે મહોત્સવને પણ ઉત્સ્ફૂર્ત પ્રતિસાદ મળતો હોઈ 35 સ્પર્ધામાં 50,000થી વધુ સ્પર્ધકો ભાગ લેશે. પહેલા દિવસે ઉદઘાટન પછી રોજ સ્પર્ધાનો ઈનામ વિતરણ સમારંભ યોજાશે. 275 પ્રથમ પારિતોષિક અને ઉત્તેજન માટે આશરે 3000 ઈનામ અપાશે.

આ વખતે પણ મહોત્સવમાં 23 ડિસેમ્બરે મહિલા કાર્યકરોના સંપૂર્ણ આયોજનમાં મહિલાઓની બધી સ્પર્ધા યોજાશે. 24 ડિસેમ્બરે મેરેથોન, 25 ડિસેમ્બરે લાયન્સ ક્લબના સહયોગમાં પાર્લે પશ્ચિમમાં મેદાનમાં ઈનામ વિતરણ સમારંભ યોજાશે. આ પછી 27 ડિસેમ્બરે કળા, 28 ડિસેમ્બરે ક્રીડા, 29 ડિસેમ્બરે બોડી બિલ્ડિંગ, 30 ડિસેમ્બરે સાંસ્કૃતિ વિભાગનો ઈનામ વિતરણ સમારંભ યોજાશે. આ બધી 32 સ્પર્ધા અત્યંત રોમાંચક રહેશે, એમ તેમણે જણાવ્યું હતું.

પાર્લે મહોત્સવ વિશે વધુ માહિતી www.parlemahotsav.com પર અને @parlemahotsav પર મળી શકશે.